દાખલ તારીખ : ૧૫/૦૯/૨૦૦૧.
નોંધણી તારીખ :૧૫ /૦૯/૨૦૦૧.
ફેંસલ તારીખ : ૩૧/૦૧/૨૦૧૭.
સમયગાળો : વર્ષ માસ દિવસ.

## ગોધરાના મે. પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં.

રેગ્યુલર દીવાની કેસ નંબર :૫૫૭/૨૦૦૫.
(જુનો સ્પેશ્યલ દીવાની કેસ નંબર:૧૩૪/૨૦૦૧.)
આંક :

વાદી : બાઈ ચંચળ તે ભાઈલાલ છગનલાલ રાણાની વિધવા.
(ચાલુ દાવે ગુજરી જતાં તેમના વારસો)
૧/૧. રસીકાબેન ભાઈલાલભાઈ રાણા.
૧/૨. મંજુલાબેન ભાઈલાલભાઈ રાણા.
૧/૩. ગીતાબેન ભાઈલાલભાઈ રાણા.
તમામ ઉ.વ.: પુખ્ત . ધંધો : ઘરકામ.
રહેવાસી : મોદીની વાડી નંબર : ૨.
બગીચા માર્ગ, ગોધરા.

વિરૂધ્ધ.

પ્રતિવાદી : (૧) ગુજરનાર નર્મદા છગનભુરાની દીકરીના વારસ
નટવરલાલ સોમાલાલ રાણા.
ઉ.વ.: ૩૩. ધંધો : નોકરી.
રહેવાસી : મોદીની વાડી નંબર : ૨, ગોધરા.
(૨) ભાનુપ્રસાદ મગનલાલ રાણા.
ઉ.વ.:૫૦. ધંધો : વેપાર.
રહેવાસી : મોદીની વાડી નંબર : ૨, ગોધરા.
(૩) અંબાલાલ મગનલાલ રાણા.
ઉ.વ.: ૪૫. ધંધો : ખાનગી નોકરી.
રહેવાસી : મોદીની વાડી નંબર : ૨, ગોધરા.

દાવો : વડીલોપાર્જીત મીલ્કતના વિભાજન તથા હીસ્સા પ્રમાણેનો કબજો મેળવવા.

---

વાદી તર્ફે વિ.વ.શ્રી. વી.એમ.શાહ.
પ્રતિવાદી નં.૧ તર્ફે વિ.વ.શ્રી. ડી.બી.દેસાઈ.
પ્રતિવાદી નં.૨,૩ તર્ફે વિ.વ.શ્રી. પી.ડી.પાઠક.

---

-: ચુકાદો :-

(૧) વાદીએ અત્રેનો દાવો પ્રતિવાદીઓ વિરુધ્ધ દાવા અરજીના પેરાગ્રાફ નં.૧ના પરિશિષ્ટ-૨માં જણાવેલી વડીલોપાર્જીત સ્થાવર મિલ્કતોમાં તેમનો અડધો હિસ્સો હોવાની ડેકલેરેશનની દાદ મેળવવા માટે તેમજ સદરહું સ્થાવર મિલ્કતોમાંથી તેમનો હીસ્સો અલગ પાડી ખાસ અને પ્રત્યક્ષ કબજો મેળવવા માટે કરેલો છે.

(૧/૧) જ્યારે પ્રતિવાદી નંબર : ૧એ આંક : ૧૦ થી દાવા અરજીનો જવાબ તથા કાઉન્ટર કલેઈમ રજુ કરી સીટી સર્વે નં.૧/૬૭ વાળી મીલ્કતના ઉત્તર તરફના ભાગના ગ્રાઉન્ડ ફલોરના મ્યુ.ઘર નં.૨/૩૨૬ ના એડવર્ઝ પજેશનથી સ્વતંત્ર માલીક કબજેદાર બનેલ છે તેવી ડેકલેરેશનની દાદ મેળવવા અને પ્રતિવાદી.૧ ના સદર ભાગના કબજા ભોગવટામાં વાદી કે અન્ય કોઈ ઈસમો પ્રતિવાદી નં.૧ના હિસ્સાના કબજા ભોગવટામાં હરકત,અંતરાય કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ મેળવવાની દાદ માંગી છે.

- વાદીની દાવા અરજીની હકીકતો :

---

વાદીએ તેમની દાવા અરજીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, દાવા અરજીના પેરાગ્રાફ નં. ૧ના પરિશિષ્ટ-૨માં જણાવેલી મીલ્કતો તેમના વડ સસરા ભુરા પુંજા રાણાની માલીકીની ગોધરા તથા કાલોલ મુકામે આવેલી છે, તેમાં આ કામના પ્રતિવાદીઓ કોઈપણ જાતની કાયદેસરની વહેંચણી કર્યા સિવાય મનસ્વી રીતે વસવાટ ભોગવટો કરે છે. વાદીએ સદરહું મિલ્કતોની કાયદેસરના લેખ ધ્વારા વહેંચણી કરવા પ્રતિવાદીઓને જણાવતા પ્રતિવાદીઓએ વહેંચણી કરવાનો ઈન્કાર કરતાં વાદીએ

અત્રેનો દાવો કરેલો છે.

(૨) વાદીએ તેમની દાવા અરજીના પરિશિષ્ટ : ૨ માં નીચેની ત્રણ સ્થાવર મિલ્કતો જણાવેલી છે.

૧. ગોધરાની મોદીની વાડીમાં આવેલ મકાન તેનો સી.ટી.ટીકા નં.૧ લાટ નં.૬૭ ચો.વાર ૮૯.૦૦(ચો.મી. ૭૪.૪૧.૫૫) કે જેમાં આંતરો નાખી બે ભાગ પાડેલા છે.

૨. કાલોલ, જિ.પંચમહાલના ગોલવાડમાં આવેલ ભોયતળીયુ છાપરાવાળુ મકાન, સી.સ.નં.૧૦૮૧ ચો.વાર.૮૦(ચો.મી. ૪૦-૧૩-૪૨).

૩. ગોધરા શહેરમાં મોદીની વાડી નં.૩ માં આવેલ ખુલ્લી જમીનનો પ્લોટ, સીટી.સર્વે નંબર : ૧ ના લાટ નંબર : ૮૯ આશરે ચો.વાર ૧૩૬ (ચો.મી. ૧૧૩.૭૧.૩૭).

(૩) વાદીએ તેમની દાવા અરજીના પેરા.૧ માં પેઢીનામું જણાવેલું છે, તે મુજબ દાવા વાળી મિલ્કત મુળ ભુરા પુંજા રાણાની હતી. તેમના બે પુત્રો (૧) છગન ભુરા અને (૨) મગન ભુરા હતા. છગન ભુરાના સંતાનોમાં (૧) ભાઈલાલભાઈ અને (૨) દિકરી નર્મદા હતી. સદર ભાઈલાલભાઈ ગુજરી જતા તેમની વિધવા બાઈ ચંચળ તે આ કામના વાદી છે. છગન ભુરાની દિકરી નર્મદા ગુજરી જતા તેમના પુત્ર નટવર સોમા પ્રતિવાદી નં.૧ છે. તેમજ મગન ભુરાના વારસો (૧) ભાનુપ્રસાદ પ્રતિવાદી નં.૨ અને (૨) અંબાલાલ પ્રતિવાદી નં.૩ તરીકે છે.

(૪) વાદીએ તેમની દાવા અરજીમાં વધુમાં જણાવેલ છે કે, વાદીના પતિ ભાઈલાલ આશરે દોઢ દશકા પહેલા ગુજરી ગયેલા છે. તેમને ત્રણ દિકરીંઓ નામે રંજન, ઉ.વ.૩૦, ગીતા ઉ.વ.૨૫ અને મંજુલા ઉ.વ.૨૨ ની છે. તેમને કોઈ દિકરો નથી. તેમના સસરા છગન ભુરાએ તેમનો વારસાઈ હકક ડુબાડવાના આશયથી મોદીની વાડીવાળા તેણીના રહેઠાણમાંથી હાંકી કાઢવા માટે તા.૨૩-૩-૭૦ ના રોજ બીન અવેજી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ તેમની ભાભી જડીબેન મગન ભુરાના નામે કરેલો અને તે સમયે તેમની નણંદ નર્મદા છગનની દિકરીનો સદર સર્વે નં.૧/૬૭માં કોઈ હકક હીસ્સો નથી તેવુ લખાણ પણ લઈ લીધેલુ હતુ. સદર દસ્તાવેજ કર્યા પછી વાદીને સદર

સીટી.સર્વે.નંબર :૧/૬૭ વાળી મિલ્કતમાંથી કાઢી મુકવા બાઈ જડી તથા તેના પતિ મગન ભુરા પાસે સદરહું છગન ભુરાએ ગોધરા સિવીલ કોર્ટમાં રેગ્યુલર મુકદમાં નંબર–૨૧૪/૧૯૭૧ નો વાદી વિરુધ્ધ દાખલ કરાવેલો. સદરહું દાવો તા.૩૧/૮/૧૯૭૪ના રોજ નામદાર કોર્ટે રદ કરેલો છે. સદરહું ચુકાદા સામે તે કામના વાદીઓએ રેગ્યુલર અપીલ નંબર–૯૧/૭૪ દાખલ કરેલી. તે અપીલ તા.૮/૩/૧૯૭૬ના રોજ રદ કરવામાં આવેલી છે. આમ, પ્રતિવાદી નં.૧ બાઈ નર્મદાના દિકરા નટવરલાલ સોમાલાલ રાણાનો સીટી સર્વે નં.૧/૬૭માં કોઈ હીસ્સો લાગતો નથી. તેમ છતાં છગન ભુરાની હયાતીમાં તેમના આશ્રીત તરીકે કબજો ચાલુ રાખેલો જેથી તેમના હીસ્સાનો કબજો લેવા માટે વાદીએ અત્રેનો દાવો કરેલો છે. વધુમાં વાદીએ તેમની દાવા અરજીમાં જણાવેલ છે કે, ગોધરાના સીટી સર્વે નં.૧/૬૭ વાળી મિલ્કતના થોડા હીસ્સામાં પ્રતિવાદી નં. ૨ અને ૩ હાલમાં બીન હકકે વસવાટ કરે છે. વધુમાં વાદીએ દાવાઅરજીમાં જણાવેલું છે કે, પ્રતિવાદીઓની રજુઆત મુજબ તેમના સસરા છગન અને પ્રતિવાદી નં.૨ અને ૩ ના પિતા મગન વચ્ચે પરિશિષ્ટ–૨ માં જણાવેલી મિલ્કતોની ખાનગી વહેચણી થયેલી તેમાં કાલોલની મિલ્કતવાળુ ઘર અને મોદીની વાડી નં.૩ નો ખુલ્લો પ્લોટ  મગન ભુરાને હિસ્સામાં આવેલ અને તેથી મોદીની વાડી ન.૨ વાળુ આખુ મકાન તેમના સસરા છગનના હીસ્સામાં આવ્યાનું સાબીત થાય છે. જેથી સીટી સર્વે નં.૧/૬૭માં મગન ભુરાના કોઈજ વારસોનો હકક રહેતો નથી. જેથી સદરહું મિલ્કત વાદીને એકલાના હિસ્સામાં માલીકી હકકે મળી છે. હાલમાં સદરહું મિલ્કતના હિસ્સામાં પ્રતિવાદીઓ વસવાટ કરે છે અને સદર મિલ્કતમાં મહત્વનું દુરસ્તી કામ કરાવેલું છે. તે સંજોગોમાં વાદીએ  દાવાવાળી મિલ્કતમાંથી તેમનો હિસ્સો અલગ પાડી  ખાસ અને પ્રત્યક્ષ કબજો મેળવવા માટે અત્રેનો દાવો કરેલો છે.

- પ્રતિવાદી નંબર : ૧ના જવાબ તથા કાઉન્ટર કલેઈમની હકીકતો :

-----------------------------------

(૫) આ કામે પ્રતિવાદીઓને દાવા અરજીનો સમંસ બજતા પ્રતિવાદી નં.૧એ તેમના વિ.વ.શ્રી સાથે હાજર થઈ આંક.૧૦ થી દાવાનો જવાબ તથા કાઉન્ટર કલેઈમ રજુ કરેલ છે જેમાં મુખ્યત્વે જણાવેલું છે કે, વાદીએ રે.મુ.નં.૨૭૪/૧૯૭૧ની હકીકતો જણાવી છે તે સાચી છે પરંતુ, તે દાવામાં પ્રતિવાદી નં.૧ કે તેમની માતાને પક્ષકાર બનાવવામાં આવ્યા ન હતા અને સદરહું દાવો વાદીના કબજામાં રહેલ મકાનના

પજેશન માટે કરવામાં આવેલો તે રદ થયેલો પરંતુ, બાઈ જડીબેન તે મગનભાઈ ભુરાભાઈની ઓરતે છગનભાઈ ભુરાભાઈ પાસેથી સીટી સર્વે નં.૧/૬૭નું મકાનનો વેચાણ દસ્તાવેજ રદ જાહેર કરવામાં આવેલો નથી અને અપીલના કામે પણ સદર દસ્તાવેજ રદ કરવા માટેનું કોઈ હુકમનામુ થયેલુ નથી. જેથી સદર દસ્તાવેજ રદ કરવા અને નવેસરથી હુકમનામુ મેળવવાનો ખર્ચ બચાવવા માટે બાઈ જડીએ આપેલ રૂા.૫૫૦૦/– તેણીને પરત કરવા માટે વાદી તથા પ્રતિવાદી ન.૧ ની માતા નર્મદા બેન તથા પ્રતિવાદી નં.૧ ની બા નાથીબેન તથા સદરહું જડીબેન વચ્ચે સમજુતી કરવામાં આવેલી અને તે મુજબ નાથીબેન તથા નર્મદાબેને રૂા.૫૫૦૦/– જડીબેનને ચુકવી આપેલા. અને તે બદલ જડીબેને બાઈ નાથી તે છગન ભુરાની વિધવા તથા બાઈ નર્મદા તથા બાઈ ચંચીના નામનો સંયુકત રીતે વેચાણ દસ્તાવેજ અનુ.નં.૨૩૧૫ થી તા.૮/૭/૧૯૮૦ના રોજ સબ રજીસ્ટ્રાર શ્રી ગોધરાની ઓફીસમાં રજીસ્ટર કરાવેલ છે. આમ, સદર વેચાણ દસ્તાવેજને આધારે સીટી સર્વે ન.૧/૬૭ વાળી મિલ્કતના બાઈ નર્મદા, બાઈ ચંચળ તથા નાથીબેન તે છગન ભુરાની વિધવા ત્રણેય સંયુકત માલીક બનેલ છે અને ત્રણેયનો સંયુકત હિસ્સો છે જેથી દાવાવાળી મિલ્કતમાં પ્રતિવાદી નં.૧ નો કોઈ હીસ્સો નથી તે વાત ખોટી છે.

(૬) વધુમાં પ્રતિવાદી નં.૧એ તેમના દાવાના જવાબમાં જણાવેલું છે કે, સીટી સર્વે નં.૧/૬૭ વાળી મિલ્કતના મુળ માલીક ભુરા પુંજા રાણા હતા તેઓની હયાતીમા જ તેમના બે પુત્રો મગન ભુરા અને છગન ભુરાને સદરહું મિલ્કતના બે હીસ્સા પાડી વહેંચણી કરી આપેલી અને તે મુજબ એક હીસ્સામાં મગનભાઈ રહેતા હતા અને બીજા હીસ્સામાં છગનભાઈ રહેતા હતા. તે પૈકી છગનભાઈ ના પુત્ર ભાઈલાલભાઈને ટી.બી. થયેલો હતો અને તેમની સારવાર પાછળ છગનભાઈને ખુબ ખર્ચો થયેલો હતો. ભાઈલાલભાઈના અવસાન બાદ તેમના પત્ની બાઈ ચંચળે તકરાર કરી અલગ રહેવાનું શરુ કરેલુ જેથી છગનભાઈ રાણા તથા તેમની પત્ની નાથીબેન તથા તેમની ત્યકતા છોકરી નર્મદાબેન તથા તેનો નાનો પુત્ર એટલે કે હાલના પ્રતિવાદીનં.૧ નટવર ભાઈ સોમાલાલ સદર મકાનના નિચેના ભાગમાં રહેતા હતા અને ઉપરના ભાગે બાઈ ચંચળ રહેવા જતા રહયા હતા. આમ, છગનભાઈની હયાતીમાં જ બે ભાગ પડી ગયેલ અને મેળાનો ભાગ વાદીના હીસ્સામાં આવેલો જયારે ભોયતળીયાનો ભાગ છગનભાઈના હીસ્સામાં આવેલો. ત્યારબાદ છગનભાઈ ભુરાભાઈ રાણાનું અવસાન થતા પ્રતિવાદી નં.૧ની માતા નર્મદાબેનનું તથા પ્રતિવાદી નં.૧ ની બા નાથીબેનનું નામ સીટી સર્વે

સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, ગોધરાના હુકમ નં.સી.પી.એસ.અપીલ નં.૧૨/૮૩, તા.૨૬/૧૨/૮૩ના હુકમથી સીટી સર્વે નં.૧/૬૭માં જોઈન્ટ ઓનર તરીકે વારસાઈ હકકે દાખલ કરવામાં આવેલું. સદરહું હુકમ સામે હાલના વાદીએ સીં.ટી.એસ.અપીલ ૩/૮૪ ગોધરાના નાયબ કલેકટરશ્રીની કોર્ટ માં દાખલ કરેલી, તે અપીલ ના મંજુર થયેલ છે. સદરહું હુકમ સામે વાદીએ આજદિન સુધી કોઈ અપીલ કે રીવીઝન કરેલી નથી. જેથી સદરહું હુકમ 'એબ્સોલ્યુટ' થયેલો છે.

(૭) વધુમાં પ્રતિવાદીનં.૧ એ તેમના દાવાના જવાબમાં જણાવેલુ છે કે, દાવાવાળી રેવન્યુ સર્વે નં.૧/૬૭ વાળી મીલ્કતનો છગન ભુરાને હીસ્સે આવેલ મીલ્કતમાં બે હીસ્સા પડેલા અને તેમાંનો એક હીસ્સો એટલે કે ઉપરનો માળ ભાઈલાલભાઈ છગનભાઈની વિધવા ચંચળબેનને મળેલો જેનો મ્યુ.ઘર .૧/૩૨૬ છે જયારે બીજો હીસ્સો એટલે કે ગ્રાઉન્ડ ફલોર જેનો મ્યુ.ઘર નં.૨/૩૨૬ છે. તે છગનભાઈ ભુરાભાઈને મળેલો. અને આમ છગનભાઈની હયાતીમાં સદરહું વડીલોપાર્જીત મિલ્કતનું અરસપરસ પાર્ટીશન થઈ ગયેલ છે. ત્યારબાદ છગનભાઈના અવસાન બાદ છગનભાઈનો હિસ્સો તેમની પત્ની નાથીબેનને મળેલો અને ત્યારબાદ નાથીબેને વીલ કરીને તેમનો હીસ્સો પ્રતિવાદી નં.૧ ને આપેલો. બાઈ નાથીબેનનું અવસાન થતા તેઓએ કરી આપેલ રજીસ્ટર વીલના આધારે સીટી સર્વે સુપ્રિન્ટેન્ડટ ના સી.ટી.એસ.કેસ નં.૯૩/૯૪, તા.૨૭/૧૨/૯૩ના હુકમથી પ્રતિવાદી નં.૧નું નામ દાખલ કરવામાં આવેલુ તે ઉપરાંત સીટી સર્વે નં.૧/૬૭ વાળી મીલ્કતનો ગ્રાઉન્ડ ફલોરનો સતત બીન રોકટોક કબજો ભોગવટો પ્રતિવાદી નં.૧ નો વાદીની જાણમાં લાંબા સમયથી તેમ છતાં કોઈ કાર્યવાહી વાદીએ કરેલ નથી. સદરહું હકીકતોએ પ્રતિવાદી નં.૧ એ દાવાવાળી મીલ્કતના એડવર્ઝ પજેશનથી માલીક ઠરાવવા માટે કાઉન્ટર કલેઈમ રજુ કરી પ્રતિવાદી નં.૧ સીટી સર્વે નં.૧/૬૭ વાળી મીલ્કતના ઉત્તર તરફના ભાગના ગ્રાઉન્ડ ફલોરનો મ્યુ.ઘર નં.૨/૩૨૬ ના સ્વતંત્ર માલીક કબજેદાર બનેલ છે તેવુ ડેકલેરેશન મેળવવા અને પ્રતિવાદી.૧ ના સદર ભાગના કબજા ભોગવટામાં વાદી કે અન્ય કોઈ ઈસમો પ્રતિવાદી નં.૧ના હિસ્સાના કબજા ભોગવટામાં હરકત,અંતરાય કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ મેળવવાની દાદ માંગી છે.

(૮) પ્રતિવાદી.૧એ વધુમાં જણાવેલું છે કે, મોદીની વાડી નં.૩ માં આવેલી મીલ્કત તથા કાલોલની મીલ્કતમાં તેમનો કોઈ હકક નથી.

* પ્રતિવાદી નંબર : ૨ અને ૩ના જવાબની હકીકતો :

---------------------------

(૯) આ કામના પ્રતિવાદી નં.૨ અને ૩ નાએ તેમના દાવાનો જવાબ આંક.૫ થી રજુ કરેલો. જેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, દાવા અરજીના પરિશિષ્ટ–૨ માં જણાવ્યા મુજબની કાલોલની તથા ગોધરાની મીલ્કતો ભુરા પુંજાએ વસાવ્યાની હકીકતો ખોટી છે. પરિશિષ્ટ–૨માં જણાવેલી સીટી ટીકા નં.–લાટ નં.૬૭ની મીલ્કત તેમના બાપ દાદાની વડીલોપાર્જીત મીલ્કત છે. તે મીલ્કતની છગનભાઈ તથા મગનભાઈની હયાતીમાં સરખે ભાગે વહેંચણી થઈ ગયેલ છે અને દિવાલ ચણી આંતરો કરી દીધેલ છે. અને સદર છગનભાઈ અને મગનભાઈના વારસો અડધો અડધો હીસ્સો ભોગવે છે. જેમાં વાદી તથા પ્રતિવાદીનં.૧ એક હીસ્સામાં તથા બીજા હીસ્સામાં પ્રતિવાદીનં.૨ અને ૩ નો કબજો ભોગવટો છે અને તે મુજબની રેવન્યુ રેકર્ડમાં નોંધ થયેલી છે. જેથી હવે પાર્ટીશનની જરુરીયાત રહેતી નથી.

(૧૦) વધુમાં પ્રતિવાદી નં.૨ અને ૩ નાએ તેમના દાવાના જવાબમાં જણાવેલું છે કે, કાલોલ ગામના ગોલવાડ વિસ્તારમાં આવેલ સીટી સર્વે નં.૧૦૮૧ વાળુ કાચુ છાપરુ તથા જમીન ફકત પ્રતિવાદી નં.૨ અને ૩ ની માલીકીનુ છે. સદર મીલ્કતમાં વાદી કે પ્રતિવાદીનં.૧ કે છગનભાઈના વારસોનો કોઈ હકક હીસ્સો નથી.

(૧૧) વધુમાં પ્રતિવાદી નં.૨ અને ૩ નાએ તેમના દાવાના જવાબમાં જણાવેલું છે કે, ગોધરામાં આવેલી મોદીની વાડી નં.૩ ખુલ્લી જમીન સીટી સર્વે નં.૧, લાટ નં.૮૯ની મીલ્કત તેમના પિતાજી મગનલાલે તા.૧૩/૧૦/૧૯૫૯ ના રોજ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી શાહ ચંદુલાલ લાલજી પાસેથી રૂા.૪૯૯૯/–નો અવેજ ચુકવી ખરીદેલી છે. આમ, સદર મીલ્કતના માલીક ફકત પ્રતિવાદી નં.૨ અને ૩ ના પિતા હતા. તેમના મૃત્યુબાદ પ્રતિવાદી નં.૨ અને ૩ ના માતૃશ્રી જડીબેન મગનલાલ માલીક અને કબજેદાર બનેલા. આમ, સદરહું મીલ્કતમાં વાદી કે પ્રતિવાદીનં.૧ નો કોઈ માલીકી હકક નથી. દાવાવાળી મીલ્કતોમાં પ્રતિવાદી નં.૨ અને ૩ વાદીના આશ્રીત તરીકે કે રજામંદીથી રહેતા નથી. જેથી તમામ હકીકતો ધ્યાને લઈ વાદીનો દાવો રદ કરવા અરજ કરેલી છે.

(૧૨) અત્રે એ નોંધવુ જરુરી છે કે, મારી અગાઉના વિ.ત્રીજા એડી. સીનીયર

સીવીલ જજશ્રી,ગોધરા ધ્વારા તા.૦૮/૧૨/૨૦૧૧ના રોજ અત્રેનો દાવો અંશત:મંજુર કરવામાં આવેલો અને દાવાવાળી મીલ્કત પૈકી સીટી ટીકા નંબર : ૧ના લાટ નંબર : ૬૭ના વાદી હીસ્સેદાર હોવાનું ઠરાવેલુ અને અન્ય બે મીલ્કતો પુરતો દાવો નામંજુર કરેલો. સદરહું ચુકાદા ઉપર વાદી ધ્વારા નામદાર બીજા એડી.ડીસ્ટ્રીકટ જજ સાહેબશ્રી,ગોધરાની કોર્ટમાં રેગ્યુલર સીવીલ અપીલ નં.૪૧/૨૦૧૨ થી કરવામાં આવતા નામદાર એડી.ડીસ્ટ્રીકટ જજ સાહેબશ્રીએ તા.૧૯/૧૧/૨૦૧૪ના રોજ સદરહું અપીલ મંજુર કરી મારા અગાઉના સીનીયર સીવીલ જજશ્રીએ કરેલ હુકમ તથા હુકમનામુ સેટેસાઈડ કરી દાવાવાળી મીલ્કતના પક્ષકારોના સીવીલ પ્રોસીજર કોડ ના ઓર્ડર ૧૮ રુલ ૧૮ મુજબ વ્યકિતગત હીસ્સા ફરીથી નિયત કરવા હુકમ કરેલો. સદરહું હુકમ મુજબ અત્રેનો કેસ ફરી રજીસ્ટરે લઈ પક્ષકારોને નોટીસ કાઢવામાં આવેલી અને તેઓને પુરાવા રજુ કરવા સંપૂર્ણ તક આપવામાં આવેલી. આ કામે નામદાર એડી.ડીસ્ટ્રકીટ જજ સાહેબશ્રીના હુકમ બાદ વાદીના વિ.વ.શ્રી ધ્વારા આંક.૧૨૩થી વાદી તરફે પુરાવા બંધની પુરસીસ રજુ કરવામાં આવેલી છે. તથા પ્રતિવાદી નં.૧ ના વિ.વ.શ્રી ધ્વારા આંક.૧૨૪ થી તથા પ્રતિવાદી નં.૨ તથા ૩ ના વિ.વ.શ્રી ધ્વારા આંક.૧૨૫ થી પુરાવા બંધ પુરસીસ રજુ કરવામાં આવેલી છે.

(૧૩) વાદી, પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૨ તથા ૩ ના વિ.વ.શ્રીઓની દલીલો સાંભળી.

(૧૪) મારા પુરોગામી જજશ્રીએ અત્રેના કામે આંક.૧૪ થી નીચે મુજબના મુદ્દાઓ ઘડેલા છે.

૧. શું વાદીચણ પુરવાર કરે છે કે, દાવાવાળી મીલ્કતો વડીલોપાર્જીત છે ?

૨. શું વાદીચણ પુરવાર કરે છે કે, ગોધરા સીટી ટીકા નં.૧ ના લાટ નં.૬૭માં અડધો હીસ્સો તેમના કબજા ભોગવટામાં છે, અને તદૃ ઉપરાંત બાકીના અડધા હીસ્સામાં પ્રતિવાદી નં.૧ ના કબજામાં છે તેમાં તેણીનો અડધો હીસ્સો છે ?

૩. શું વાદીચણ પુરાવાર કરે છે કે, ગોધરા સીટી સ.નં.૧ ના લાટ નં.૮૯ વણ વહેંચાચેલ છે? તેમાં તેણીનો અડધો હીસ્સો છે ?

૪. શું પ્રતિવાદી નં. ૨ તથા ૩ પુરવાર કરે છે કે, સીટી ટીકા નં.૧ ના લાટ નં.૬૭ માં તેઓનો અડધો અડધો હીસ્સો આવેલ છે ?

૫. શું પ્રતિવાદી નં. ૨ તથા ૩ પુરવાર કરે છે કે, ગોધરા સીટી સ.નં.૧ ના લાટ નં.૮૯ વાળી મિલ્કત તેમના પિતાએ તા.૧૩/૧૦/૫૯ ના રોજ પોતાની આગવી આવકમાંથી ખરીદ કરેલ છે ?

૫(અ) શું પ્રતિવાદી નં.૧ પુરવાર કરે છે કે, સીટી સર્વે નં.૧/૬૭ ના મ્યુ.ઘર નં.૨/૩૨૬ વાળી મીલ્કતના તેઓ વીલના આધારે માલીક બનેલા છે ? વિકલ્પે શું પ્રતિવાદી નં.૧ એડવર્સ પજેશનના સિધ્ધાંત મુજબ સીટી સ.નં.૧/૬૭ના મ્યુ.ઘર નં.૨/૩૨૬ વાળી મીલ્કતના માલીક બનેલા છે ?

૫(બ). શું પ્રતિવાદી નં.૧ પુરવાર કરે છે કે, સીટી સ.નં.૧/૬૭ વાળી મીલ્કતના મ્યુ.ઘર નં.૨/૩૨૬ ની મીલ્કત નાથીબેનના વારસદાર તરીકે પ્રતિવાદી નં.૧ ને મળવાપાત્ર છે ?

૬. શું વાદીચણ દાવા અરજીના પેરા.૧૧ મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

૬(અ). શું પ્રતિવાદી નં.૧ માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

૭. શું હુકમ અને હુકમનામું ?

(૧૫) ઉપરોકત મુદદાઓના નિર્ણયો નીચે મુજબ છે.

૧. અશંત: હકારમાં. ગોધરા સીટી ટીકા નં.૧ ના લાટ નં.૬૭ મોદી વાડી નંબર : ૩માં આવેલું મકાન વડીલોપાર્જીત હોવાનું પુરવાર થયેલ નથી.

૨. નકારમાં

૩. નકારમાં.

૪. નકારમાં.

૫. હકારમાં.

૫.(અ) નકારમાં.

૫.(બ) નકારમાં.

૬. અશંત: હકારમાં.

૬(અ). નકારમાં

૭. આખરી હુકમ મુજબ.

(૧૬) ઉપરોકત નિર્ણયના કારણો નીચે મુજબ છે.

અત્રેના કેસના મુદદાઓના નિર્ણયના કારણોની ચર્ચા કરતાં પહેલા પક્ષકારોએ રજુ કરેલા પુરાવા ધ્યાને લેવા જરૂરી છે, જે નીચે મુજબ છે.

(૧૭) વાદી ધ્વારા રજુ થયેલ મૌખિક પુરાવો :
---------------------

| ક્રમ | સાહેદનુ નામ | સાહેદની વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | બાઈ ચંચળ તે ભાઈલાલ છગનલાલની વિધવા | વાદીચણ | ૨૭ |

(૧૮) વાદી ધ્વારા રજુ થયેલો દસ્તાવેજી પુરાવો :
------------------------

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | રે.મુ.નં.૨૧૪/૧૯૭૧ના જજમેન્ટની સર્ટીફાઈડ નકલ. | ૩૦ |
| ૨. | રે.સી.અપીલ નં.૯૧/૧૯૭૪ના જજમેન્ટની સર્ટીફાઈડ નકલ. | ૫૨ |

(૧૯) પ્રતિવાદીઓ તર્ફે રજુ થયેલ મૌખિક પુરાવો :
------------------------

| ક્રમ | સાહેદનુ નામ | સાહેદની વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | શશીકાંત મોતીરામ જોષીના પુરાવાની એફીડેવીટ | મેન્ટેનન્સ સર્વેયર | ૫૬ |
| ૨. | નટવરલાલ સોમાલાલના પુરાવાની એફીડેવીટ | પ્ર.વાદી નં.૧ | ૭૦ |
| ૩. | અંબાલાલ મગનલાલ રાણાના પુરાવાની એફીડેવીટ | પ્ર.વાદી નં.૩ | ૯૩ |

(૨૦)        પ્રતિવાદીઓ તર્ફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો :
            ------------------------

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | સી.ટી.એસ. અપીલ નં.૧૨/૧૯૮૩ના અસલ જજમેન્ટની નકલ. | ૩૫ |
| ૨. | સી.ટી.એસ. અપીલ નં.૩/૧૯૮૪ના અસલ જજમેન્ટની નકલ. | ૩૬ |
| ૩. | સી.ટી.એસ. અપીલ નં.૯૩/૧૯૯૪ના અસલ જજમેન્ટની નકલ. | ૩૭ |
| ૪. | અસલ પ્રોપર્ટી કાર્ડની નકલ. | ૩૮ |
| ૫. | દસ્તાવેજ નં.૨૩૧૫ની ખરી નકલ. | ૩૯ |
| ૬. | દસ્તાવેજ નં.૨૩૧૫ની ઈન્ડેક્ષની નકલ. | ૪૦ |
| ૭. | વેચાણ દસ્તાવેજ નં.૮૫૭ની સર્ટીફાઈડ નકલ. | ૪૧ |
| ૮. | સીટી સર્વે નંબર ૧૦૮૧ ના નકશાની નકલ | ૫૭ |
| ૯. | સીટી સર્વે નંબર ૧૦૮૧ના પ્રોપર્ટી કાર્ડની નકલ | ૫૮ |
| ૧૦. | ભુરા પુંજા રાણાના મરણનો દાખલો | ૫૯ |
| ૧૧. | ભુરા પુંજા રાણાનું પેઢીનામું | ૬૦ |
| ૧૨. | વારસાઈ અંગે વારસોનો જવાબ | ૬૧ |
| ૧૩. | વારસાઈ અંગેની અરજી | ૬૨ |
| ૧૪. | ગીરો છુટો કરવાની અરજી. | ૬૩ |
| ૧૫. | નાથીબેનનું અસલ વસીયતનામું | ૮૨ |
| ૧૬. | વેરો ભર્યાની પહોંચ. | ૮૯ |
| ૧૭. | અસલ લાઈટ બીલ અને પહોંચ | ૯૦ |
| ૧૮. | સી.સ.નં.૧/૬૭ના પ્રોપર્ટી કાર્ડની નકલ. | ૯૬ |
| ૧૯. | વેરાની પહોંચ. | ૯૭ |
| ૨૦. | સી.સ.નં.૧૦૮૧ વાળી મીલ્કતના ખાતાનો ઉતારો. | ૯૮ |
| ૨૧. | સીટ નં.૧ લાટ નં.૮૯નો અસલ વેચાણ દસ્તાવેજ. | ૧૦૪ |

(૧૬)        વાદીના વિ.વ.શ્રી.ની દલીલો :
            --------------

વાદીના વિ.વ.શ્રી.એ તેમની દાવાઅરજીની તમામ હકીકતો તરફ ધ્યાન દોરી દલીલ કરી છે કે, દાવાઅરજીના પેરાગ્રાફ નંબર : ૧ના પરીશીષ્ટમાં જણાવેલી મિલકતો

વડીલોપાર્જીત સ્થાવર મિલકતો છે. સદર મિલકતો મુળ ભુરા પુંજા રાણાની હતી. સદર ભુરા પુંજા રાણાનું અવસાન થયા બાદ તેમના બે પુત્રો (૧) છગન ભુરા અને (૨) મગન ભુરાને સદરહું મિલકતો વારસાઈ હકકે મળેલી. સદર વડીલોપાર્જીત મિલકતોની કાયદેસરની વહેંચણી થયેલી નથી. અત્રેના કેસના વાદી છગન ભુરાના મૈયત પુત્ર ભાઈલાલના પત્નિ છે. સદરહું છગન ભુરાએ વાદીનો વારસાઈ હકક ડુબાડવા માટે તેમના ભાભી જડીબેનને બીનઅવેજી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપેલો અને સદર જડીબેને સદર વેચાણ દસ્તાવેજને આધારે વાદી પાસેથી કબજો મેળવવાનો દાવો કરેલો તે દાવો તથા તે દાવા ઉપરની અપીલ રદ થયેલી છે. મોદીની વાડીમાં આવેલ મકાન સીટી.સર્વે નંબર ૬૭માં પ્રતિવાદી નં.૧નો કોઈ હકક હિસ્સો નથી તેમ છતાં વાદીના સસરાની હયાતીથી તેમના આશ્રિત તરીકે પ્રતિવાદી નં.૧ વસવાટ કરે છે અને પ્રતિવાદી નં.૨ અને ૩ સદર સર્વે નંબર ૬૭ વાળી મિલકતના થોડા હિસ્સામાં વસવાટ કરે છે. સદર મિલકતોમાં વાદીનો અડધો હીસ્સો હોવાથી દાવાવાળી મિલકતનું વિભાજન કરી વાદીના હિસ્સાનો પ્રત્યક્ષ કબજો સદર પ્રતિવાદીઓ પાસેથી મેળવવા વાદી હકકદાર છે.

(૧૭) પ્રતિવાદીઓના વિ.વ.શ્રી.ની દલીલો :

પ્રતિવાદીઓનં.૧ વિ.વ.શ્રી.એ વાદીની દલીલોના ખંડનમાં દલીલ કરી છે કે, દાવાવાળી હાલોલની મિલકતનો દાવો અત્રેની કોર્ટમાં ચાલી શકે નહી. દાવાવાળી મિલકતો પૈકીની વડીલોપાર્જીત મિલકતોનું છગનભુરા અને મગનભુરા વચ્ચે વિભાજન થઈ ગયેલ છે અને તેમના વારસદારો હાલમાં પોતપોતાના ભાગના હિસ્સામાં રહે છે. વધુમાં પ્રતિવાદી નં.૧ તર્ફે વિ.વ.શ્રી.એ દલીલ કરી છે કે, મોદીની વાડી નંબર :૨માં આવેલ મકાનના ઉતર તરફના ભાગના ગ્રાઉન્ડ ફલોરના ઘર નંબર : ૨/૩૨૬માં તેમની માતા નર્મદાબેન તથા તેમની બેન સુરીયા ૧૯૭૦થી છગનભાઈ ભુરાભાઈ સાથે રહેતા હતા અને છગનભાઈ ભુરાભાઈના અવસાન બાદ બાઈ નાથીબેન સાથે જાહેરમાં બીનરોકટોક વાદીની જાણમાં રહે છે તેથી એડવઝ પઝેશનના સિધ્ધાંત મુજબ પ્રતિવાદી નં.૧ ઘર નંબર ૨/૩૨૬ના માલીક અને કબજેદાર બનેલા છે. વધુમાં બાઈ નાથી ધ્વારા સદર ઘર વીલ ધ્વારા પણ પ્રતિવાદી નં.૧ને આપવામાં આવેલ છે. આ રીતે પ્રતિવાદી નં.૧ સીટી સર્વે નંબર ૧/૬૭ વાળા મકાનના ઉતરાદા ભાગમાં ગ્રાઉન્ડ ફલોરના ઘર નંબર ૨/૩૨૬માં માલીક અને કબજેદાર છે તેવી ડેકલેરેશનની દાદ

મેળવવા તથા વાદીઓ મ્યુ ઘર નંબર ૨/૨૩૬ના કબજા ભોગવટામાંથી પ્રતિવાદી નં.૧ને કે તેમના કુટુંબના સભ્યને દુર કરે કરાવે નહી મે વસવાટ કરતાં હેલો હરકત કરે કરાવે  નહી તેવો જાથુનો મનાઈ હુકમ મેળવવા કાઉન્ટર કલેઈમ કરેલો છે. સદરહું તમામ હકીકતોએ વાદીનો દાવો કરી પ્રતિવાદી નં.૧નો કાઉન્ટર કલેઈમ મંજુર કરવા દલીલ કરી છે.

(૧૭/૧)        પ્રતિવાદી નં. ૨ અને ૩ના વિ.વ.શ્રી.એ તેમની દલીલોમાં જણાવેલું છે કે, કાલોલની મિલકત અંગે અત્રેની કોર્ટને હકુમત નથી.વધુમાં પ્રતિવાદી નં. ૨ અને ૩ના વિ.વ.શ્રી.એ દલીલ કરી છે કે,  મુળ માલીક ભુરા પુજાના બે દીકરા છગનભુરા અને મગનભુરાએ અંદરોઅંદરની વહેંચણી કરી બન્ને સદર મિલકતોના અડધા અડધા હિસ્સાના માલીક બન્યા હતા. ત્યારબાદ તારીખ ૨૨/૪/૮૧ના રોજ હિન્દુ અવિભકત કુટુંબના કર્તા તરીકે બાઈ ચંચળ તે ભાઈલાલ છગનની વિધવાનું નામ ભાઈલાલ છગન ગુજરી જવાથી દાખલ થયેલ છે તેથી વાદી સીટી ટીકા નંબર : ૧ લાટ નંબર ૬૭ના અડધા હિસ્સાના માલીક હોવા અંગે તેઓને તકરાર નથી. વધુમાં દલીલ કરી છે કે, સદર મકાનના દક્ષિણાતા ભાગના ૧/૨ હિસ્સાના મગન ભુરાના વારસદારો તરીકે પ્રતિવાદી નં.૨ અને ૩ તથા તેમની બહેનો માલીક અને કબજેદાર બનેલા છે. વધુમાં પ્રતિવાદી નં.૨ અને ૩ના વિ.વ.શ્રી.એ સીટી સર્વે નંબર : ૧ લાટ નંબર ૮૯ની ખુલ્લી જગ્યા અંગે દલીલ કરી છે કે, સદર ખુલ્લી જગ્યા મગન ભુરાએ એટલે પ્રતિવાદી નં.૨ અને ૩ના પિતાએ તારીખ ૧૩/૧૦/૫૯ના રોજ શાહ ચંદુલાલ લાલજી પાસેથી નોંધાયેલ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલી જેથી સદર મિલકત પ્રતિવાદી નં. ૨ અને ૩ની સ્વતંત્ર માલીકી હોવાનું પુરવાર થાય છે. વધુમાં પ્રતિવાદી નંબર : ૨ અને ૩ના વિ.વ.શ્રી.એ કાલોલની મિલકત અંગે દલીલ કરી છે કે, સદર મિલકત મગનભાઈ ભુરાભાઈના નામે વારસાઈથી દાખલ થયેલ છે અને મગનભાઈ ભુરાના અવસાન બાદ પ્રતિવાદી નંબર : ૨ અને ૩ સદર મિલકતના માલીક બનેલા છે. સદર મિલકતના વેરા ભર્યાની પહોંચ પ્રતિવાદી નં.૨ અને ૩ના પિતાના નામની આંક: ૯૭થી રજુ કરવામાં આવી છે. વધુમાં દલીલ કરી છે કે, ગોધરાના સીટી સર્વે નંબર ૧/૬૭ વાળી મિલકતના મૂળથી જ ઉતરાતા અને દક્ષિદાતા ભાગ પડી  ગયેલા છે અને તે મુજબ અડધો અડધો હિસ્સો દરેક પક્ષકાર ધરાવે છે તેથી વાદીને વીભાજનની દાદ મળવા પાત્ર નથી.

(૧૮)    પક્ષકારોએ રજુ કરેલા પુરાવાનું મુલ્યાંકન :
---------------------

વાદી તથા પ્રતિવાદીના વિ.વ.શ્રી.ની દલીલોના સંદર્ભમાં પક્ષકારો ધ્વારા રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લીધો.

(૧૯)    અત્રેના કેસમાં વાદીએ તેમના પુરાવાની એફીડેવીટ આંક : ર૭થી રજુ કરેલી છે.જેમાં તેણીએ દાવાઅરજીની  તમામ હકીકતો સોંગદ ઉપર જણાવેલી છે. પ્રતિવાદી નં.ર અને ૩ના વિ.વ.શ્રી. ધ્વારા થયેલી ઉલટતપાસમાં વાદીએ એ હકીકત જણાવી છે કે, સીટી ટીકા નંબર ૬૭ વાળુ રહેવાનું મકાન છગનભાઈ અને મગનભાઈની હયાતીમાં દીવાલ ચણી વહેંચણી થયેલી છે અને તે મકાનના એક ભાગમાં તેણી રહે છે અને બીજા ભાગમાં મગનભાઈના બે છોકરા ઉપર તથા નીચે રહે છે. વધુમાં વાદીએ ઉલટતપાસમાં કાલોલ વાળી મિલકતમાં તેણીના વડસસરા તથા તેમના પત્નિ કાલોલ મુકામે રહેતા હોવાની તથા મગનભાઈ ભુરાભાઈ તથા તેમના પત્નિ  કાલોલ રહેતા હોવાની  અને મગન ભુરાભાઈએ વડસસરા અને વડસાસુનના મરણપ્રસંગે કારજ કર્યાની હકીકત કબુલ રાખી છે પરંતુ તેણીના સસરાએ કાલોલની મિલકતમાંથી હકક જતો કર્યાના પ્રતિવાદી નં. ર અને  ૩ના વિ.વ.શ્રી.ના સુચનનો ઈન્કાર કરેલો છે. વધુમાં વાદીએ મોદીની  વાડીમાં આવેલ ખુલ્લી જમીનમાં મગનલાલ ભુરાભાઈએ છાપરાવાળુ મકાન બનાવ્યાની હકીકત ખરી હોવાનું જણાવી તેણીનો તે જમીનમાં હીસ્સો નહી હોવાના પ્રતિવાદી નં.ર અને ૩ના વિ.વ.શ્રી.ના સુચનનો ઈન્કાર કરેલો છે.

(૧૯/ર)    પ્રતિવાદી નંબર :૧ના વિ.વ.શ્રી.એ વાદીની વિસ્તૃત ઉલટતપાસ કરી છે જેમાં તેણીએ જણાવેલું છે કે,ભાઈલાલભાઈ પહેલા ગુજરી ગયેલા અને છગનભાઈ પછી ગુજરી ગયેલા. વધુમાં એ હકીકત ખરી હોવાનું જણાવેલું છે કે, મગનભાઈ અને છગનભાઈ રહેતા હતા તે બન્ને ભાગમાં પાકી દિવાલ ચણી દેવામાં આવી છે. વધુમાં તેણીએ જણાવેલું છે કે, તેણી સાસરે આવી તે પહેલા તે દીવાલ ચણેલી હતી.વધુમાં વાદીએ પ્રતિવાદી નં.૧ના વિ.વ.શ્રી.નું એ સુચન સ્વીકારેલું છે કે, તેણીએ પ્રતિવાદી નં.૧ તેણીની સાસુ રહેતી ત્યારથી સદર ઘરમાં રહે છે અને તે મિલકતમાંથી પ્રતિવાદી નંબર : ૧ને કાઢવા માટે આજદીન સુધી તેણીએ કોઈ કાર્યવાહી કરી નથી. વાદીએ તેમની ઉલટતપાસ દરમ્યાન દાવાવાળી મિલકતનું

પાર્ટીશન થઈ ગયેલ હોવા અંગેના પ્રતિવાદીઓના વિ.વ.શ્રી.ના તમામ સુચનોનો ઈન્કાર કરેલો છે.

(૨૦) અત્રેના કેસમાં પ્રતિવાદીઓ તર્ફે પ્રતિવાદી નં.૧ના પુરાવાનું સોંગદનામું આંક:૭૦થી રજુ કરવામાં આવેલું છે. પ્રતિવાદી નંબર :૧ એ તેમના સોંગદ ઉપરના પુરાવામાં તેમના દાવાના જવાબની તમામ હકીકતો સોંગદ ઉપર જણાવેલી છે.વાદીના વિ.વ.શ્રી.દ્વારા થયેલી ઉલટતપાસમાં પ્રતિવાદી નં.૧એ તેઓ તથા તેણીની માતા દેવગઢબારીયા રહેતા હોવાના વાદીના વિ.વ.શ્રી.ના સુચનનો ઈન્કાર કરેલો છે. વધુમાં પ્રતિવાદી નંબર : ૧એ વાદીના એ સુચનનો પણ ઈન્કાર કરેલો છે કે, તેમની માતાએ છગનભાઈની મિલકતમાં કોઈ હકક જોઈતો નથી તેવું જણાવેલું. વધુમાં પ્રતિવાદી નં.૧એ તેમની ઉલટતપાસ દરમ્યાન જણાવેલું છે કે, સર્વે નંબર ૧/૬૭વાળી મિલકત મુળ ભુરા પુંજાની હતી. વધુમાં જણાવેલું છે કે, ભુરા પુંજાએ તેમની મિલકત તેમની હયાતીમાં બે પુત્રો મગન ભુરા અને છગન ભુરાને બે હીસ્સા પાડીને વહેંચણી કરી આપેલી. વધુમાં જણાવેલું છે કે, સદર વહેંચણી અંગે રેવેન્યુ રેકર્ડમાં નોંધ થયેલી નથી.

(૨૧) અત્રેના કેસમાં પ્રતિવાદી નંબર : ૩નાએ તેમના પુરાવાનું સોંગદનામું આંક : ૯૩થી રજુ કરી તેઓએ રજુ કરેલા જવાબની તમામ હકીકતોને સમર્થન આપતો પુરાવો રજુ કરેલો છે. પ્રતિવાદી નંબર : ૩એ વાદીના વિ.વ.શ્રી.ની ઉલટતપાસ દરમ્યાન જણાવેલું છે કે, ભાઈલાલભાઈ છગનભાઈની હયાતીમાં ગુજરી ગયેલા. વાદીના વિ.વ.શ્રી.ની ઉલગતપાસમાં પ્રતિવાદી નં.૩એ વધુમાં જણાવેલું છે કે, કાલોલના ગોલવાડ વિસ્તારમાં આવેલ જમીન તથા છાપરું મૌખિક વહેંચણી પ્રમાણે તેમના પિતાજીને ભાગે આવેલ જેથી તે મિલકત વડીલોપાર્જીત હતી. વધુમાં કાલોલની મિલકતના બદલામાં તેમના પિતાએ બે બેનોની સામાજીક જવાબદારી સ્વીકારી હોવાના વાદીના વિ.વ.શ્રી.ના સુચનનો પ્રતિવાદી નં.૩એ ઈન્કાર કરેલો છે. પ્રતિવાદી નંબર : ૩એ વધુમાં વાદીના વિ.વ.શ્રી.ના એ સુચનનો ઈન્કાર કરેલો છે કે, મોદીની વાડીમાં આવેલ મિલકત તેમના પિતા સંયુકત કુટુંબમાં રહેતા હતા ત્યારે ખરીદવામાં આવેલી અને તેની ખરીદ કિંમત સંયુકત કુટુંબની આવકમાંથી ચુકવવામાં આવેલી. વધુમાં પ્રતિવાદી નં.૩એ તેમના પિતા સંયુકત કુટુંબનો વહીવટ કરતા હોવાથી મોદીની વાડીની મિલકત તેમના પિતાના નામે ખરીદવામાં આવી હોવાનો ઈન્કાર કરેલો છે.

(૨૨) અત્રેના કેસમાં આંક : ૫૬થી મેન્ટેનન્સ સર્વેયર શ્રી શશિકાંત મોતીરામ જોષીના પુરાવાની એફીડેવીટ રજુ કરવામાં આવી છે. જે ધ્વારા તેઓએ સીટી સર્વે નંબર ૧૦૮૧ ના પ્રોપર્ટી કાર્ડની તથા નકશાની નકલ, ભુરાપુંજા રાણાના મરણના દાખલાની નકલ, ભુરાપુંજા રાણાનું પેઢીનામું, વારસાઈની અરજી અને વારસોના જવાબની ખરી નકલો રજુ કરી છે.

(૨૩) વાદી તથા પ્રતિવાદીઓ ધ્વારા રજુ થયેલ ઉપરોકત પુરાવાઓ તથા પક્ષકારોના વિ.વ.શ્રી.ની દલીલો ધ્યાને લઈ અત્રેના કેસમાં ઉપસ્થિત થયેલા મુદદાઓના નિર્ણયના કારણોની ચર્ચા નીચે મુજબ કરવામાં આવે છે.

(૨૪) મુદદા નં. : ૧ અને મુદદા નં : ૫.

----------------------

અત્રેના કેસમાં પ્રથમ એ બાબત નિર્ણિત કરવાની છે કે, શું દાવાવાળી મિલકતો વડીલોપાર્જીત છે ?

(૨૪/૧) અત્રેના કેસમાં વાદીએ દાવાઅરજીમાં નીચેની ત્રણ સ્થાવર મિલકતો દાવાવાળી મિલકતો તરીકે જણાવેલી છે.

૧. ગોધરાની મોદીની વાડીમાં આવેલ મકાન તેનો સી.ટી.ટીકા નં.૧ લાટ નં.૬૭ ચો.વાર ૮૯.૦૦(ચો.મી.૭૪.૪૧.૫૫) કે જેમાં આંતરો નાખી બે ભાગ પાડેલા છે.

૨. કાલોલ, જિ.પંચમહાલના ગોલવાડમાં આવેલ ભોયતળીયુ છાપરાવાળુ મકાન, સી.સ.નં.૧૦૮૧ ચો.વાર.૮૦(ચો.મી.૪૦-૧૩-૪૨).

૩. ગોધરા શહેરમાં મોદીની વાડી નં.૩ માં આવેલ ખુલ્લી જમીનનો પ્લોટ, સી.ટી.સર્વે નં.૧ ના લાટ નં.૮૯ આશરે ચો.વાર ૧૩૬ (ચો.મી.૧૧૩.૭૧.૩૭).

ઉપરોકત મિલકતો મુળ છગન ભુરાની હતી તેથી વડીલોપાર્જીત મિલકત છે, તેવી હકીકત વાદીએ અત્રેની દાવાઅરજીમાં જણાવેલી છે.

(૨૪/૨) પ્રતિવાદી નં.૧એ તેમના જવાબ આંક : ૧૦માં જણાવેલું છે કે તેમનો કાલોલ અને મોદીની વાડી નંબર : ૩ની મિલકતમાં કોઈ હકક નથી. વધુમાં પ્રતિવાદી

નં.૧એ તેમના દાવાના જવાબમાં જણાવેલું છે  કે, દાવાવાળી રેવન્યુ સર્વે નં.૧/૬૭ વાળી મીલ્કતનો છગન ભુરાને હીસ્સે આવેલ મીલ્કતમાં બે હીસ્સા પડેલા અને તેમાંનો એક હીસ્સો એટલે કે ઉપરનો માળ ભાઈલાલભાઈ છગનભાઈની વિધવા ચંચળબેનને મળેલો જેનો મ્યુ.ઘર નંબર.૧/૩૨૬ છે જયારે બીજો હીસ્સો એટલે કે ગ્રાઉન્ડ ફલોર જેનો મ્યુ.ઘર નંબર. ૨/૩૨૬ છે.

(૨૪/૩)    જયારે પ્રતિવાદી નંબર : ૨ અને ૩એ તેમના દાવાના જવાબ આંક : ૫માં જણાવેલું છે કે, સીટી ટીકા નં.–લાટ નં.૬૭ની મીલ્કત તેમના બાપ દાદાની વડીલોપાર્જીત મીલ્કત છે.  તે મીલ્કતની છગનભાઈ તથા મગનભાઈની હયાતીમાં સરખે ભાગે વહેંચણી થઈ ગયેલ છે. કાલોલ ગામના ગોલવાડ વિસ્તારમાં આવેલ સીટી સર્વે નં.૧૦૮૧ વાળુ કાચુ છાપરુ તથા જમીન ફકત પ્રતિવાદી નં.૨ અને ૩ ની માલીકીનુ છે. સદર મીલ્કતમાં વાદી કે પ્રતિવાદીનં.૧ કે છગનભાઈના વારસોનો કોઈ હકક હીસ્સો નથી. વધુમાં પ્રતિવાદી નં.૨ અને ૩ નાએ તેમના દાવાના જવાબમાં જણાવેલું છે કે, ગોધરામાં આવેલી મોદીની વાડી નં.૩ ખુલ્લી જમીન સીટી સર્વે નં.૧, લાટ નં.૮૯ની મીલ્કત તેમના પિતાજી મગનલાલે તા.૧૩/૧૦/૧૯૫૯ ના રોજ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી શાહ ચંદુલાલ લાલજી પાસેથી રૂા.૪૯૯૯/–નો અવેજ ચુકવી ખરીદેલી છે. આમ, સદર મીલ્કતના માલીક ફકત પ્રતિવાદી નં.૨ અને ૩ ના પિતા હતા. તેમના મૃત્યુબાદ પ્રતિવાદી નં.૨ અને ૩ ના માતૃશ્રી જડીબેન મગનલાલ માલીક અને કબજેદાર બનેલા. આમ, સદરહું મીલ્કતમાં વાદી કે પ્રતિવાદીનં.૧ નો કોઈ માલીકી હકક નથી.

(૨૪/૪)    ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં મિલકત નંબર : ૧ ગોધરાની મોદીની વાડીમાં આવેલ મકાન તેનો સીટી.ટીકા નં.૧ લાટ નં.૬૭ ભુરા પુંજાની માલીકી હતી તે બાબત બીન તકરારી છે. સદર મિલકતના બે ભાગ દિવાલથી થયેલા છે. જેમાં એક ભાગ છગનભાઈ અને બીજો ભાગ મગનભાઈના ભાગમાં વહેંચાયેલો છે. છગનભાઈના ભાગમાં ઉપરના માળે વાદી તથા નીચેના ભાગમાં પ્રતિવાદી નંબર : ૧ રહે છે. જયારે મગનભાઈના ભાગમાં તેમના વારસો પ્રતિવાદી નંબર : ૨ અને ૩ના કબજા ભોગવટામાં છે.આમ સદર મિલકત અંગે છગનભાઈ અને મગનભાઈ વચ્ચે વિભાજન થઈ ગયેલ હોવાનું જણાય છે. અત્રેના કેસના વાદી સદરહું છગનભાઈના વારસ ભાઈલાલના વિધવા છે અને પ્રતિવાદી  નંબર : ૧  છગનભાઈની મૈયત પુત્રીના

પુત્ર છે. જેથી હવે વિભાજનનો પ્રશ્ન માત્ર વાદી અને પ્રતિવાદી  નંબર : ૧ વચ્ચે છગનલાલના ભાગે આવેલી મિલકત અંગેનો જણાય છે.

(૨૪/૫)     જયારે મિલકત નંબર : ૨ કાલોલની મિલકત અંગે પ્રતિવાદી નં.૨ અને ૩ ની રજુઆત છે કે તેમાં વાદી કે પ્રતિવાદી નં.૧ કે છગનભાઈના વારસોનો હકક નથી. પરંતુ તે મિલકત મુળ ભુરા પુંજાની હોવાની બાબતનો ઈન્કાર પ્રતિવાદીઓ દ્વારા કરવામાં આવેલો નથી. અત્રેના કેસમાં  આંક : ૬૧થી રજુ થયેલ દસ્તાવેજમાં છગનલાલ ભુરાભાઈએ સીટી સર્વે સુપ્રીટેન્ટ સમક્ષ જણાવેલું છે કે, તેમના પિતાએ તેઓને ગોધરામાં ઘર આપેલું છે તેથી વારસાઈમાં માત્ર મગનલાલ ભુરાભાઈ રાણાનું નામ દાખલ કરવાનું છે. આમ સદર કાલોલની મિલકત વડીલોપાર્જીત છે અને તે મિલકતની વહેંચણી /વિભાજન થઈ ગયેલ હોવાનું જણાયેલ છે.

(૨૪/૬)    જયારે મિલકત નંબર : ૩ મોદીની વાડી નં.૩ ખુલ્લી જમીન સીટી સર્વે નં.૧, લાટ નં.૮૯ની મીલ્કત પ્રતિવાદી નં.૨ અને ૩ના પિતા મગનભાઈએ સ્વતંત્ર આવકમાંથી ખરીદયાની પ્રતિવાદી નં.૨ અને ૩ તર્ફે રજુઆત છે તે સંદર્ભમાં અત્રેના કેસમાં રજુ થયેલ આંક :  ૧૦૪ વંચાણે લેતાં જણાય છે કે, લાટ નંબર : ૮૯ મોદીની વાડી નંબર : ૩ની મીલકત વેચાણદસ્તાવેજ અનુક્રમ નંબર ૯૮૩  તારીખ ૬ ઓકટોમ્બર ૧૯૫૯ના રોજ રાણા મગનલાલ ભુરાભાઈએ શાહ ચંદુલાલ લાલજી પાસેથી રૂા.૪૯૯૯/–માં ખરીદેલી છે. સદર મિલકત સંયુકત માલીકીની આવકમાંથી તથા સંયુકત કુટુંબ માટે ખરીદવામાં આવી હોય તે બાબતનો સદર દસ્તાવેજમાં કોઈ ઉલ્લેખ નથી. સદર મોદીની વાડીમાં આવેલ મિલકત સંયુકત કુટુંબની મિલકત છે તેવી વાદીની રજુઆત છે જેથી વાદીએ સદરહું હકીકત જરૂરી પુરાવો રજુ કરી પુરવાર કરવી જોઈએ તેમ છતાં સદર મિલકત સંયુકત કુટુંબની આવકમાંથી ખરીદવામાં આવી હોવા અંગે વાદી પક્ષ દ્વારા કોઈ પુરાવો રજુ થયેલ નથી.

(૨૪/૭)    ઉપરોકત ચર્ચા કર્યા મુજબ મિલકત નંબર : ૧ અને ૨ વડીલોપાર્જીત હોવાનું પુરવાર થાય છે પરંતુ મિલકત નં. ૩ મોદીની વાડી નંબર : ૩માં આવેલ મિલકત વડીલોપાર્જીત હોવાની હકીકત પુરવાર થયેલી નથી તેમજ સદરહું  મિલકત રાણા મગનલાલ ભુરાભાઈએ એટલે કે પ્રતિવાદી નં. ૨ અને ૩ના  પિતાએ તેમની સ્વતંત્ર આવકમાંથી ખરીદેલી હોવાની હકીકત પુરવાર થયેલી હોવાથી મુદદા નં.૧નો નિર્ણય તે મુજબ અંશત: હકારમાં  તથા મુદદા નંબર : ૫ નો નિર્ણય હકારમાં

ઠરાવવામાં આવે છે.

(૨૫) મુદદા નં. : ૨.
------------

અત્રેના કેસમાં બીજી એ બાબત નિર્ણિત કરવાની છે કે, ગોધરા સીટી ટીકા નં.૧ ના લાટ નં.૬૭નો અડધો હીસ્સો વાદીના કબજા ભોગવટામાં છે અને બાકીના અડધા હીસ્સો પ્રતિવાદી નં.૧ ના કબજામાં છે તેમાં વાદીનો અડધો હીસ્સો છે ?

(૨૫/૧) ઉપરોકત મુદદા નં. ૧માં ઠરાવ્યા મુજબ સીટી ટીકા નંબર : ૧ લાટ નંબર : ૬૭ વાળી મિલકત મુળ છગન ભુરાની હતી. વધુમાં એ બાબત પણ બીન તકરારી છે સદર મકાનનો આંતરો પાડી બે ભાગ પાડવામાં આવેલા છે. જે પૈકીના એક ભાગમાં વાદી પહેલા માળે રહે છે અને વાદીની નીચેના ભાગમાં પ્રતિવાદી નંબર : ૧ રહે છે. જયારે બીજો ભાગ પ્રતિવાદી નંબર : ૨ અને ૩ના કબજા ભોગવટામાં આવે છે. અત્રેના કેસમાં વાદીએ તેમના મૌખિક પુરાવા આંક : ૨૭માં પ્રતિવાદી નં.૨ અને ૩ના વિ.વ.શ્રી. ધ્વારા થયેલી ઉલટતપાસમાં વાદીએ એ હકીકત જણાવી છે કે, સીટી ટીકા નંબર ૬૭ વાળુ રહેવાનું મકાન છગનભાઈ અને મગનભાઈની હયાતીમાં દીવાલ ચણી વહેંચણી થયેલી છે અને તે મકાનના એક ભાગમાં તેણી રહે છે અને બીજા ભાગમાં મગનભાઈના બે છોકરા ઉપર તથા નીચે રહે છે. સદરહું હકીકતોથી એ બાબત જણાય આવેલ છે કે, સદર મિલકતની વહેંચણી છગનભાઈ અને મગનભાઈની હયાતીમાં થઈ ગયેલી છે અને મુજબ દીવાલ ચણી ભાગ પાડી વહેંચણી થઈ ગઈ છે. વિભાજન પક્ષકારોના કૃત્યથી પણ થયેલું ગણાય તેથી સદર મિલકતનું વિભાજન છગનભાઈ અને મગનભાઈ વચ્ચે થઈ ગયેલું છે.

(૨૫/૨) સદર છગનભાઈના વારસો વાદી નં. ૧ અને પ્રતિવાદી નંબર : ૧ છે. જયારે મગનભાઈના વારસોએ પ્રતિવાદી નંબર : ૨ અને ૩ છે. આમ હવે સદરહું મીલકત પૈકી છગનભાઈના વારસોના ભાગમાં આવેલ મિલકત અંગે એટલે કે વાદી અને પ્રતિવાદી નંબર : ૧ ના કબજા ભોગવટા વાળી મિલકત અંગે એ બાબત નિર્ણિત કરવાની છે કે, શું પ્રતિવાદી નંબર : ૧ ના કબજા ભોગવટામાં આવેલી મિલકતમાં વાદીનો અડધો હીસ્સો છે?

(૨૫/૩) વાદીની દાવાઅરજીમાં એવી રજુઆત છે કે, પ્રતિવાદી નંબર : ૧ બાઈ

નર્મદાના દીકરાનો મોદીની વાડીમાં આવેલ મિલકત સીટી સર્વે નંબર : ૧/૬૭માં કોઈ હીસ્સો લાગતો નથી તેમ છતાં તેણીના સસરાની હયાતી માં તેમના આશ્રીત તરીકે રજામંદીથી તેમણે વસવાટ ચાલુ રાખેલો છે. સદર બાબત માટે પેઢીનામું વંચાણે લેતાં જણાયેલ છે કે, છગન ભુરાને એક પુત્ર અને એક પુત્રી હતી જે મુજબ (૧) ભાઈલાલ (વાદીના પતિ) અને (૨) બાઈ નર્મદા (પ્રતિવાદી નંબર : ૧ નટવર સોમાભાઈની માતા) હતા. જેથી છગન ભુરાના ભાગમાં આવેલ મિલકતમાં ભાઈલાલ અને બાઈ નર્મદા સમાન હીસ્સો મેળવે. અત્રેના કેસની તમામ હકીકતો ધ્યાને લેતાં જણાય આવે છે કે, વાદીએ તેમની દાવાઅરજીમાં એવી હકીકત જણાવી છે કે, બાઈ નર્મદાએ તેમના સસરા છગન ભુરાની હયાતીમાં જ હીસ્સો જતો કરેલ છે. વધુમાં વાદીએ તેણીના સસરા છગન ભુરાએ તારીખ ૨૩/૭/૧૯૭૦ના રોજ જડીબેન (છગન ભુરાની ભાભી તે મગન ભુરાની પત્નિ)ની તરફેણમાં કરેલા વેચાણ દસ્તાવેજની હકીકતો તથા સદર જડીબેને વાદી વિરૂધ્ધ કરેલા રેગ્યુલર દીવાની કેસ નંબર : ૨૧૪/૧૯૭૧ના કેસ ઉપર આધાર રાખી જણાવેલું છે કે, તેણીના સસરા છગનભુરાએ તેમની દીકરી નર્મદાનો સીટી સર્વે નંબર : ૧/૬૭માં હકક હીસ્સો નથી તેવું લખાણ લીધેલું. પરંતુ અત્રેના કેસના તમામ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં જણાય છે કે, બાઈ નર્મદાએ છગન ભુરાની મિલકતમાંથી તેણીએ હકક છોડી દીધો હોય તેવો કોઈ દસ્તાવેજી આધાર રજુ થયેલ નથી.વધુમાં સદર રેગ્યુલર દીવાની કેસ નંબર ૨૧૪/૧૯૭૧ના નિર્ણય પછી તે કેસના વાદી એટલે બાઈ જડીબેને સદર છગનભાઈએ તેણીને વેચેલી મિલકત તારીખ ૮/૭/૧૯૮૦ના રોજ અનુક્રમ નંબર : ૨૩૧૫થી નોંધાયેલ દસ્તાવેજ (આંક : ૩૯)થી રૂા.૫૫૦૦/–માં (૧) બાઈ નાથી તે છગનભાઈ ભુરાભાઈ રાણાની વિધવા.(૨) બાઈ નર્મદાબેન તે રાણા છગનલાલ ભુરાની દીકરી ( પ્રતિવાદી નં.૧ની માતા) (૩)બાઈ ચંચી તે ભાઈલાલભાઈ છગનલાલ રાણાની વિધવા (મુળ વાદી ) ને વેચાણ કરેલ છે. આમ સીટી સર્વે નંબર : ૧/૬૭ની મિલકતમાં ઉપરોકત ત્રણેનો સમાન હીસ્સો ગણાય જેથી છગનલાલની હયાતીમાં બાઈ નર્મદાએ તેણીનો ભાગ છોડી દીધાની હકીકત પુરવાર થતી નથી. વધુમાં બાઈ નાથી તે રાણા છગનલાલની વિધવાના અવસાન બાદ તેણીનો હીસ્સો બાઈ નર્મદા (પુત્રવધુ / પ્રતિવાદી નંબર ૧ની માતા) અને બાઈ ચંચી (વાદી)ને સમાન ભાગે મળે. પરંતુ રેગ્યુલર દીવાની કેસ નંબર : ૨૧૪/૧૯૭૧ તથા રેગ્યુલર સીવીલ અપીલ નંબર : ૯૧/૧૯૭૪માં ઠરાવ્યા મુજબ છગન ભુરાને સદર મિલકત વડીલોપાર્જીત હોવાથી સમગ્ર મિલકતનો વેચાણ કરવાનો હકક અધિકાર ન

હતો. સદરહું છગનભાઈના વારસદારોમાં (૧) વિધવા નાથીબેન (૨) પુત્ર ભાઈલાલ (૩) પુત્રી નર્મદા છે. સદર છગનભાઈની વિધવા નાથીબેનનું અવસાન થતા તેણીનો ભાગ પુત્ર ભાઈલાલ અને પુત્રી નર્મદાને મળે. આમ સમગ્ર હકીકતોએ છગનલાલ ભુરાભાઈના ભાગમાં આવેલી સર્વે નંબર : ૧/૬૭ પૈકીની મિલકતમાં વાદી અને પ્રતિવાદી નંબર : ૧નો સમાન હીસ્સો હોવાનું પુરવાર થાય છે. જેથી પ્રતિવાદી નં.૧ના હીસ્સા વાળી મિલકતમાં વાદીનો અડધો હીસ્સો હોવાનું પુરવાર થયેલું નથી જેથી મુદદા નં.રનો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે.

(૨૬) મુદદા નં. : ૩.

અત્રેના મુદદામાં એ બાબત નિર્ણીત કરવાની છે કે, ગોધરા સીટી સ.નં.૧ ના લાટ નં.૮૯ વણ વહેંચાયેલ છે? તેમાં વાદીનો અડધો હીસ્સો છે ?

(૨૬/૧) ઉપરોકત મુદદા નં. ૧ અને ૫ ના નિર્ણયના કારણોમાં ચર્ચા કર્યા મુજબ આંક : ૧૦૪ નો વેચાણ દસ્તાવેજ વંચાણે લેતાં જણાય છે કે, લાટ નંબર : ૮૯ મોદીની વાડી નંબર : ૩ની મીલકત વેચાણદસ્તાવેજ અનુક્રમ નંબર ૯૮૩ તારીખ ૬ ઓકટોમ્બર ૧૯૫૯ના રોજ રાણા મગનલાલ ભુરાભાઈએ શાહ ચંદુલાલ લાલજી પાસેથી રૂા.૪૯૯૯/–માં ખરીદેલી છે. સદર મિલકત સંયુકત માલીકીની આવકમાંથી તથા સંયુકત કુટુંબ માટે ખરીદવામાં આવી હોય તે બાબતનો સદર દસ્તાવેજમાં કોઈ ઉલ્લેખ નથી. સદર મોદીની વાડીમાં આવેલ મિલકત સંયુકત કુટુંબની મિલકત છે તેવી વાદીની રજુઆત છે જેથી વાદીએ સદરહું હકીકત જરૂરી પુરાવો રજુ કરી પુરવાર કરવી જોઈએ તેમ છતાં સદર મિલકત સંયુકત કુટુંબની આવકમાંથી ખરીદવામાં આવી હોવા અંગે વાદી પક્ષ ધ્વારા કોઈ પુરાવો રજુ થયેલ નથી.જેથી સદર મીલકત વડીલોપાર્જીત નહી હોવાથી વાદી તે મિલકતમાંથી કોઈ હકક હિસ્સો મેળવવા હકકદાર નથી જેથી મુદદા નંબર : ૩નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે.

(૨૭) મુદદા નં. : ૪.

અત્રેના મુદદામાં એ બાબત નિર્ણીત કરવાની છે કે, સીટી ટીકા નં.૧ ના લાટ નં.૬૭ માં પ્રતિવાદી નંબર : ૨ અને ૩નો અડધો અડધો હીસ્સો આવેલ છે?

ઉપરોકત મુદદા નં. ૧ અને ૨ માં ઠરાવ્યા મુજબ છગનભાઈ તથા મગનભાઈની હયાતીમાં સદર મીલકતની વહેંચણી દીવાલ ચણી ભાગ પાડી થઈ ગઈ છે. વિભાજન પક્ષકારોના કૃત્યથી પણ થયેલું ગણાય તેથી સદર મિલકતનું વિભાજન છગનભાઈ અને મગનભાઈ વચ્ચે થઈ ગયેલું છે. સદર છગનભાઈના વારસો વાદી નં. ૧ અને પ્રતિવાદી નંબર : ૧ છે. જયારે મગનભાઈના વારસોએ પ્રતિવાદી નંબર : ૨ અને ૩ છે.જેથી મગનભાઈના ભાગે આવેલી સદર મીલકત પૈકી અડધા ભાગની મિલકતમાં પ્રતિવાદી નંબર ૨ અને ૩નો સમાન અડધો અડધો હીસ્સો ગણાય પરંતુ સીટી ટીકા નં.૧ ના લાટ નં.૬૭ની આખી મિલકતમાં પ્રતિવાદી નંબર : ૨ અને ૩નો અડધો અડધો હીસ્સો હોવાનું સ્વીકારી શકાય નહી. જેથી મુદદા નં.૪નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે.

(૨૮) મુદદા નં. : ૫ (એ).

------------

અત્રેના મુદદામાં એ બાબત નિર્ણીત કરવાની છે કે, સીટી સર્વે નં.૧/૬૭ ના મ્યુ.ઘર નં.૨/૩૨૬ વાળી મીલ્કતના પ્રતિવાદી નંબર : ૧ વીલના આધારે માલીક બનેલા છે ? વિકલ્પે શું પ્રતિવાદી નં.૧ એડવર્સ પજેશનના સિધ્ધાંત મુજબ સીટી સ.નં.૧/૬૭ના મ્યુ.ઘર નં.૨/૩૨૬ વાળી મીલ્કતના માલીક બનેલા છે ?

અત્રેના કેસમાં પ્રતિવાદી નંબર : ૧ તર્ફે રજુઆત છે કે, બાઈ નાથીબેન તે છગનભાઈ ભુરાભાઈ રાણાની વીધવાએ સીટી સર્વે નંબર : ૧/૬૭ના મ્યુ. ઘર નંબર : ૨/૩૨૬ની મિલકત તેઓને વિલથી તેઓને આપેલી છે તે રૂએ પ્રતિવાદી નંબર : ૧ સર્વે નંબર : ૧/૬૭ના મ્યુ. ઘર નંબર : ૨/૩૨૬ની મિલકતના માલીક બન્યા છે. અત્રેના કેસમાં બાઈ નાથીબેને કરેલું વીલ આંક : ૮૨થી રજુ થયેલ છે. પરંતુ તે વીલમાં શાખ કરનાર કોઈ સાહેદનો પુરાવો પ્રતિવાદી નંબર : ૧ તર્ફે રજુ કરવામાં આવેલો નથી. અત્રેના તબકકે ભારતીય સકસેશન એકટની કલમ ૬૩ સાથે ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૮ની જોગવાઈ કે જે વિલ પુરવાર અંગેની છે તે ધ્યાને લેવી જરૂરી છે.

**Section : 63 of the Indian Succession Act.**

----------------------------------------------------------

- "63. Execution of unprivileged wills.-

  Every testator, not being a soldier employed in an expedition or

engaged in actual warfare, or an airman so employed or engaged, or a mariner at sea, shall execute his will according to the following rules:

(a) .....

(b) .....

(c) The will shall be attested by two or more witnesses, each of whom has seen the testator sign or affix his mark to the will or has seen some other person sign the will, in the presence and by the direction of the testator, or has received from the testator a personal acknowledgement of his signature or mark, or of the signature of such other person; and each of the witnesses shall sign the will in the presence of the testator, but it shall not be necessary that more than one witness be present at the same time, and no particular form of attestation shall be necessary.

- **Section : 68 of the Indian Evidence Act**

**---------------------------------------------------**

"68. Proof of execution of document required by law to be attested.-

If a document is required by law to be attested, it shall not be used as evidence until one attesting witness at least has been called for the purpose of proving it's execution, if there be an attesting witness alive, and subject to the process of the Court and capable of giving evidence..."

**ઉપરોકત જોગવાઈઓ મુજબ વિલમાં શાખ કરનાર સાહેદનો પુરાવો રજુ કરી ભારતીય સકસેશન એકટની કલમ ૬૩ સાથે ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૮ની જોગવાઈ મુજબ વિલ પુરવાર કરેલું હોવું જોઈએ. પરંતુ અત્રેના કેસમાં વિલમાં શાખ કરનાર કોઈ સાહેદનો પુરાવો પ્રતિવાદી નંબર : ૧ ધ્વારા અત્રેના કેસમાં રજુ થયેલો નથી જેથી સદર વિલ પુરવાર થયેલું નથી. વધુમાં સહ હીસ્સેદાર બીજા સહહીસ્સેદારના ભાગનો માત્ર કબજો ધરાવતા હોય તો તેવા કબજા માત્રથી વિરૂધ્ધનો કબજો ગણાશે નહી. પ્રતિવાદી નંબર : ૧ એ હકીકત પુરવાર કરી નથી કે, તેઓએ વાદીના માલીકી હકકનો ઈન્કાર કરી સદર મિલકતનો કબજો ભોગવટો માલીકી હકકે વાદીના માલીકી હકકની વિરૂધ્ધમાં ધરાવેલો છે.જેથી મુદદા નં.૫ (એ)નો નિર્ણય નકારમાં આવે છે.**

(૨૯)　　મુદ્દા નં. : ૫ (બી).

------------

વધુમાં એ મુદ્દો નિર્ણિત કરવાનો છે કે, સીટી સર્વે.નંબર.૧/૬૭ વાળી મીલ્કતના મ્યુ.ઘર નંબર : ૨/૩૨૬ ની મીલ્કત નાથીબેનના વારસદાર તરીકે પ્રતિવાદી નંબર.૧ ને મળવાપાત્ર છે ?

અત્રેના કેસની ઉપરોકત ચર્ચા કર્યા મુજબની સમગ્ર હકીકતો ધ્યાને લેતાં સીટી સ.નં.૧/૬૭ વાળી મીલ્કતના મ્યુ.ઘર નં.૨/૩૨૬ ની મીલ્કત નાથીબેનની સ્વતંત્ર માલીકીની મિલકત નથી પરંતુ નાથીબેન તેમના મૈયત પતિ છગનલાલના વારસ દરજ્જે સર્વે નંબર ૧/૬૭ ની મિલકતમાં તેમના પુત્ર ભાઈલાલ અને પુત્રી નર્મદા સાથે સમાન ભાગે એટલે કે ૧/૩ ભાગના હીસ્સેદાર હતા. વધુમાં નાથીબેનના અવસાન બાદ તેણીના ૧/૩ ભાગની મિલકતના વારસ દરજ્જે વાદીના પતિ અને પ્રતિવાદી નંબર : ૧ની માતા સમાન હીસ્સે હકકદાર બને જેથી સીટી સ.નં.૧/૬૭ વાળી મીલ્કતના મ્યુ.ઘર નં.૨/૩૨૬ ની મીલ્કત નાથીબેનના વારસદાર તરીકે માત્ર પ્રતિવાદી નંબર.૧ ને મળવાપાત્ર હોવાની હકીકત પુરવાર થતી નથી જેથી મુદ્દા નંબર : ૫ (બી)નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે.

(૩૦)　　મુદ્દા નં. : ૬.

-------

અત્રેના કેસમાં વાદીએ દાવાવાળી મિલકતોનું વિભાજન અને તેણીના ભાગનો હીસ્સો મેળળવા દાદ માંગેલી છે. ઉપરોકત મુદ્દા નંબર : ૧ થી ૫ માં ઠરાવ્યા મુજબ દાવાવાળી મિલકત પૈકીની ગોધરાની મોદીની વાડીમાં આવેલું સી.ટી.ટીકા નં.૧ લાટ નં.૬૭ વાળા મકાન પૈકીનો છગન ભુરાના ભાગે આવેલ ભાગ વાદી અને પ્રતિવાદી નંબર : ૧ના સમાન હીસ્સે આવેલ છે. સદર મિલકતમાં દીવાલ ચણી મગન ભુરાનો ભાગ અલગ થયેલ છે. તે ધ્યાને લેતાં હાલમાં વાદી અને પ્રતિવાદી નં.૧ના કબજામાં રહેલી મિલકતનું વિભાજન કરવાનું રહે છે. બાઈ નાથીના અવસાન બાદ વાદી અને પ્રતિવાદી નં. ૧ સદર મિલકતના અડધા – અડધા ભાગના હિસ્સેદાર બનેલા છે. જેથી તે મુજબ દાવાવાળી મીલકત પૈકીની છગન ભુરાના ભાગે આવેલ મિલકતના અડધા ભાગનો કબજો વાદી મેળવવા હકકદાર છે. હાલમાં વાદી સદર મીલકતમાં ઉપરના

ભાગે રહે છે જ્યારે પ્રતિવાદી નંબર : ૧ નીચેના ભાગમાં રહે છે. સદર મીલકતનું સમાન ભાગે વિભાજન થાય અને વાદીને અડધો અને પ્રતિવાદી નં.૧ને અડધો હીસ્સો મળે તે ન્યાયીક જણાય છે. જેથી મુદદા નંબર : ૬નો નિર્ણય અંશત: હકારમાં ઠરાવવામાં આવે છે.

(૩૧) મુદદા નં. : ૬ (એ).

----------

અત્રેના કેસમાં પ્રતિવાદી નંબર : ૧એ આંક : ૧૦ થી દાવા અરજીનો જવાબ તથા કાઉન્ટર કલેઈમ રજુ કરી સીટી સર્વે નં.૧/૬૭ વાળી મીલ્કતના ઉત્તર તરફના ભાગના ગ્રાઉન્ડ ફ્લોરના મ્યુ.ઘર નં.૨/૩૨૬ ના એડવર્ઝ પજેશનથી સ્વતંત્ર માલીક કબજેદાર બનેલ છે તેવી ડેકલેરેશનની દાદ મેળવવા અને પ્રતિવાદી.૧ ના સદર ભાગના કબજા ભોગવટામાં વાદી કે અન્ય કોઈ ઈસમો પ્રતિવાદી નં.૧ના હિસ્સાના કબજા ભોગવટામાં હરકત,અંતરાય કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ મેળવવાની દાદ માંગી છે.

(૩૧/૧) ઉપરોકત મુદદા નંબર : ૫(એ) તથા ૫ (બી)માં ઠરાવ્યા મુજબ પ્રતિવાદી નંબર : ૧ સીટી સર્વે નં.૧/૬૭ વાળી મીલ્કતના ઉત્તર તરફના ભાગના ગ્રાઉન્ડ ફ્લોરના મ્યુ.ઘર નં.૨/૩૨૬ ના એડવર્ઝ પજેશનથી સ્વતંત્ર માલીક કબજેદાર બનેલ હોવાની હકીકત પુરવાર થયેલી નથી તેમજ નાથીબેનના વારસદરજ્જે પણ પ્રતિવાદી નંબર : ૧ સદરહું મિલકતના સ્વતંત્ર માલીક કબજેદાર હોવાનું પુરવાર થયેલ નથી જેથી પ્રતિવાદી નંબર : ૧ કાઉન્ટર કલેઈમમાં માગ્યા મુજબની કોઈ દાદ મેળવવા હકકદાર નથી જેથી મુદદા નં. ૬(એ)નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે.

(૩૨) મુદદા નં. : ૭.

-------

ઉપરોકત મુદાઓ નંબર : ૧ થી ૬ ના નિર્ણયોના કારણોની ચર્ચામાં જણાવેલા તારણોને ધ્યાને લઈ નીચે મુજબનો અત્રેના કેસનો આખરી હુકમ અને હુકમનામું કરવાનો હુકમ કરવામાં આવે છે.

## ::: હુકમ :::

-----------

અત્રે કેસના વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

વધુમાં પ્રતિવાદી નંબર : ૧ ધ્વારા આંક : ૧૦ થી રજુ થયેલ કાઉન્ટર કલેઈમ નામંજુર કરવામાં આવે છે.

વધુમાં ગોધરાની મોદીની વાડીમાં આવેલું સી.ટી.ટીકા નં.૧ લાટ નં.૬૭ વાળા મકાન પૈકીનો છગન ભુરાના ભાગે આવેલ અડધા ભાગનું સમાન હીસ્સે વિભાજન કરી વાદી અને પ્રતિવાદી નંબર : ૧ અડધો અડધો હીસ્સો મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

સદર વિભાજન કરવા માટે કોર્ટ કમિશ્નરશ્રી નિમણુંક પક્ષકારોના વિ.વ.શ્રી.ની સમંતિથી કરવાનું ઠરાવવામાં આવે છે. કોર્ટ કમિશ્નરના મહેનતામણાની રકમ વાદી ધ્વારા રૂા. ૫,૦૦૦/- જમા કરાવ્યેથી કમિશ્નર પત્ર ઈસ્યુ કરવું. કોર્ટ કમિશ્નરના રીપોર્ટ મુજબ આખરી હુકમનામું કરવામાં આવશે.

અત્રેના દાવાનો પક્ષકારોનો થયેલ ખર્ચ પક્ષકારોએ પોતપોતાનો ભોગવવો.

હુકમ મુજબ પ્રાથમિક હુકમનામું દોરવું.

આજ તારીખ ૩૧/૦૧/૨૦૧૭ના રોજ ખુલ્લી અદાલત હુકમ વાંચી સંભળાવી સમજાવી જાહેર કર્યો.

(જયેશ બી.પરીખ)
(જીજે ૦૦૪૧૪)
પ્રિન્સીપલ સિનિયર સિવિલ જજ ,
ગોધરા.